વલસાડ જિલ્લામાં લાયસન્સ વિના રસ્તા ઉપર જ ફટાકડાનું ધૂમ વેચાણ થઇ રહ્યું છે

વલસાડના રસ્તા પર મોતના સ્ટોલ

તંત્રની રહેમનજર સામે નાગરિકોમાં ઉઠતા સવાલો, દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ?





વલસાડ : દિવાળીના તહેવારને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. જેને લીધે વલસાડ જિલ્લા સહિત અનેક સ્થળોએ બજારોમાં નવા કપડાં, મીઠાઈઓ, રંગબેરંગી લાઈટો, દીવા અને રંગોળી સહિત ઘરસજાવટની ચીજવસ્તુઓની ખરીદી માટે ભારે ભીડ જોવા મળી રહી છે. આ સાથે જ ફટાકડાના વેચાણ માટે નિયમ મુજબ લાયસન્સ મેળવીને નક્કી કરેલા સ્થળો પર સ્ટોલ લગાવનારા વેપારીઓ પણ નજરે પડી રહ્યા છે.

ફટાકડાના શોખીનોને લાંબી મુસાફરી ન કરવી પડે અને તેઓને ઘરઆંગણે જ ફટાકડા સરળતાથી મળી રહે તે હેતુથી કેટલાક નાના છૂટક વેચાણકર્તાઓ દ્વારા ઘર નજીક, દુકાનોની આસપાસ તથા માર્ગોની બાજુમાં લારીઓ કે નાના મંડપો બનાવીને સ્ટોલ લગાવવામાં આવ્યા છે, જે સ્વાભાવિક છે. પરંતુ, ચિંતાજનક બાબત એ છે કે વલસાડ જિલ્લા તથા વાપી વિસ્તારના કેટલાક સ્થળોએ લાયસન્સ વગર જ બેરોકટોક ફટાકડાનું વેચાણ થતું જોવા મળી રહ્યું છે.

ભીડભાડવાળા વિસ્તારોમાં ફાયર સેફ્ટીના સાધનો વગર અને કોઈપણ પરવાનગી વિના ધમધમતી આ દુકાનો કોઈ મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી રહી છે. જો આગ કે વિસ્ફોટ જેવી કોઈ ગંભીર દુર્ઘટના ઘટે, તો તેની નૈતિક અને કાયદાકીય જવાબદારી કોના શિરે રહેશે? તંત્ર દ્વારા સમયસર યોગ્ય પગલાં લેવામાં આવે તે અનિવાર્ય છે.

આ જગ્યા પરથી પરવાનગી મળે છે

» ફટાકડાના હંગામી વેચાણ માટે Explosives Rules, 2008 હેઠળ LE-5 લાયસન્સ લાગુ પડે છે.
» નિયમ 84 મુજબ હંગામી દુકાનનું લાયસન્સ 15 દિવસ માટે હોઈ શકે છે.
» જિલ્લા મેજિસ્ટ્રેટ લાયસન્સ આપવાની સત્તા ધરાવે છે

આ પૂરાવા વગર જ સ્ટોલ ધમધમી રહ્યા છે

- અરજદારનું આધારકાર્ડ.
- ચૂંટણીકાર્ડ અથવા અન્ય ઓળખનો પુરાવો.
- પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ.
- રહેઠાણના સરનામાનો પુરાવો.
- સ્ટોલની જગ્યા પોતાની હોય તો માલિકીનો પુરાવો.
- ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર અને માલિકની સંમતિ.
- સ્ટોલના સ્થળનો નકશો અને માપની વિગતો.
- સ્થળનો ફોટોગ્રાફ.
- ફાયર સેફ્ટી વ્યવસ્થાની વિગતો.
- નિર્ધારિત અરજી ફોર્મ અને ફી ભર્યાની રસીદ.

કરવડમાં વાહનની ટક્કરે વૃદ્ધનું મોત

વાપી : કરવડમાં વાહનની ટક્કરે દેગામમાં રહેતા વૃદ્ધનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ પુત્રએ વાપી ટ્રાફિક પોલીસ મથકમાં નોંધાવી હતી. વાપી ટ્રાફિક પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, નાનાપોંઢા તાલુકાના દેગામ, કરાયા ફળિયામાં હર્ષદ ઈશ્વરભાઈ નાયકા પટેલ (ઉ.40) રહે છે.

ગત તા.3-11-26 ના રોજ તેમના પિતા ઈશ્વરભાઈ હરજીભાઈ નાયકા (ઉ.63) નું કરવડ, તંબાડી ફાટક પાસે, સિદ્ધી સોમીલ સામે માર્ગ ઉપર ગાડીની ટક્કર લાગી હતી અને ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત કરનાર કારચાલક યોગેશ હસમુખભાઈ પટેલ (રહે. ઓરવાડગામ, ઉદવાડા) સામે વાપી ટ્રાફિક પોલીસ મથકમાં હર્ષદ નાયકાએ ફરિયાદ નોંધાવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલમાં દિવાળી તથા ક્રિકેટ ટુર્નામેન્ટની ઉજવણી



વાપી : વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલમાં દિવાળી પર્વ તથા ક્રિકેટ ટુર્નામેન્ટની ઉજવણી કરવામાં આવી હતી. દિવાળી ઉત્સવમાં વિદ્યાર્થીઓ માટે ધોરણ પ્રમાણે અલગ-અલગ પ્રવૃત્તિઓ રાખવામાં આવી હતી. દીવા ડેકોરેશન, તોરણ બનાવવાની પ્રવૃત્તિ, વોલ હેંગિંગ, રંગોળી બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ હતી. આ સાથે દિવાળીની ઉજવણીના ભાગરૂપે શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સાથે મળીને વિવિધ ખાણીપીણીની વાનગીઓ તૈયાર કરી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રસ વધે તે હેતુથી ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટ દરમિયાન વિવિધ ટીમો વચ્ચે રોમાંચક ક્રિકેટ મુકાબલા જોવા મળ્યા હતા. બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગમાં વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા દર્શાવી હતી. વિજેતા ટીમના વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્કૂલના ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલ, ચેરપર્સન લાયન હિના પટેલ અને આચાર્યા પાર્વતી પિઠાનીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

સરીગામના સરપંચ સહદેવ વઘાત સમર્થકો સાથે ભાજપમાં જોડાયા



ઉમરગામ : સરીગામ ગ્રામ પંચાયતના સરપંચ સહદેવભાઈ વઘાત સમર્થકો સાથે ભાજપમાં જોડાયા છે. ઉમરગામ તાલુકાના ધોળીપાડા ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા લોકતંત્ર બચાવો અરાજકતા હટાવ યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા ભાજપ પ્રમુખ ડો.નિરવ શાહ, તાલુકા ભાજપ પ્રભારી મુકેશભાઈ તિવારી વિગેરે ભાજપ અગ્રણીઓએ સરીગામ ગ્રામ પંચાયતના સરપંચ સહદેવભાઈ વઘાત અને સમર્થકોને આવકારી ભાજપનો ખેસ પહેરાવી ભાજપમાં પ્રવેશ આપ્યો હતો. સરીગામ ગ્રામ પંચાયતના સરપંચ સહદેવભાઈ વઘાત ભાજપમાં જોડાવવાના હોવાની લાંબા સમયથી ચાલતી અટકળોનો અંત આવ્યો છે.

સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટે બાળકોનાં ચહેરા પર ખુશીઓનો ઉજાસ પાથર્યો



બીલીમોરા : દિવાળી એટલે કોઈના અંધકારમય જીવનમાં આશાનો દીવો પ્રગટાવવો. આ સંકલ્પને ચરિતાર્થ કરતાં બીલીમોરા સ્થિત સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા સમાજ સમક્ષ સામાજિક સમરસતા અને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. ટ્રસ્ટ દ્વારા પવિત્ર દીપોત્સવ પર્વ અગાઉ સોમવાર સવારે શહેરના જરૂરિયાતમંદ અને નિરાધાર ૩૦ બાળકોને સ્નેહભરી ભેટો અર્પણ કરી હતી. ૩૦ બાળકોને નવાં વસ્ત્રો, સ્વાદિષ્ટ મીઠાઈ ભરેલું બોક્સ, ફટાકડા અને પ્રોત્સાહનરૂપે રૂપિયા ૧૦૦ રોકડ ભેટ આપવામાં આવી હતી. હાથમાં ફટાકડા અને નવાં કપડાં જોતાં જ બાળકોના નિર્દોષ ચહેરા પર આનંદ છલકાયો હતો, આ પ્રસંગે ટ્રસ્ટના સંચાલકોએ જણાવ્યું હતું કે, "દિવાળી એ આનંદ, ઉલ્લાસ અને પ્રકાશનું પર્વ છે. સાચો ઉત્સવ ત્યારે જ સાર્થક ગણાય જ્યારે સમાજના છેવાડાના વર્ગ અને વંચિત બાળકો સુધી પણ આ તહેવારની ખુશી પહોંચે. સોમનાથ મંદિર ટ્રસ્ટની આ સંવેદનશીલ પહેલને લોકોએ બિરદાવી હતી. બાળકોનો ઉત્સાહ વધારવા ટ્રસ્ટના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ દેવચંદભાઈ પટેલ, મંત્રી પંકજભાઈ મોદી, નીતિનચંદ્ર ગાંધી, જગદીશભાઈ મહેતા, તેમજ કરસન પટેલ, નિકિતાબેન પટેલ, દીપકભાઈ ગાંધી, મુકેશભાઈ પટેલે સક્રિય સેવા આપી હતી.

ગણદેવીનાં પીપલધરામાં ૧૪ ફૂટ લાંબા મહાકાય અજગરનું રેસ્ક્યુ



બીલીમોરા : ગણદેવી તાલુકાના પીપલધરા ગામના કોળીવાડ વિસ્તારમાં વિનોદ પટેલના ઘરની નજીક ૧૪ ફૂટ લાંબો અને આશરે ૨૫ કિલો વજન ધરાવતો મહાકાય અજગર દેખાતાં લોકોનાં ટોળાં ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ થતાં સર્પમિત્રો નીરવ પટેલ, ઇમરાન ખલીફા, અર્પિત પટેલ અને જીગર પટેલ સ્થળ પર દોડી આવ્યા હતા. ટીમે ભારે જહેમત બાદ અજગરને કોઈ ઈજા પહોંચાડ્યા વિના સુરક્ષિત રીતે રેસ્ક્યુ કર્યો હતો. ત્યારબાદ તેને નદી કિનારે કુદરતી આવાસમાં મુક્ત કરવામાં આવ્યો હતો. સર્પમિત્રોએ લોકોને અપીલ કરી હતી કે આવા વન્યજીવો નજરે પડે ત્યારે જાતે પકડવાનો પ્રયાસ કરવાને બદલે સર્પમિત્રો અથવા વન વિભાગને જાણ કરવી.

પારડીના ડાયાલીસીસ સેન્ટરને મળ્યા 2 નવા મશીનો



પારડી : પારડીમાં હેલ્પિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડાયાલીસીસ સેન્ટર હાલ 7 ડાયાલીસીસ મશીનો સાથે કાર્યરત છે. રોટરી ક્લબ ઓફ વલસાડ રેંજર્સના સહયોગથી 18 લાખ રૂપિયાની કિંમતના 2 ડાયાલીસીસ મશીનો મેળવવામાં આવતા હવે કુલ 9 મશીનો સાથે ડાયાલીસીસ યુનિટ ધમધમી રહ્યું છે. નવા મશીનોને મહેતા હોસ્પિટલ ખાતે ઉદ્ઘાટિત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે રોટરી ડિસ્ટ્રીક્ટ 3060 ના ઇમિડીએટ પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નર રો.અમરદીપસિંઘ બુનેટ, રોટરી ક્લબ ઓફ વલસાડ રેંજર્સના પ્રેસિડેન્ટ રાજેશ પટેલ, ભરત જૈન, હેમીલ શાહ, પ્રોજેક્ટ ચેરમેન ભાવિન શાહ, રોટરી ફાઉન્ડેશન ચેરમેન રો.ઉમેશ વચ્છાની, રોટરી ક્લબ ઓફ વલસાડ રેંજર્સના સભ્યો, હેલ્પિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન ડો.પ્રફુલ મેહતા, અજય શાહ, ડો.પ્રતાપ થોસર, શરદ દેસાઈ, નીતિન દેસાઈ, ડો.નીલમ મેહતા, પ્રીતેશ ભરુચા, પ્રેમલસિંહ ચૌહાણ, ભરત દેસાઇ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે મશીન અપાવવા ડો. દીપેશ શાહનો સહયોગ રહ્યો હતો. 2 મશીનો માટે મેજર ડોનર રો.સ્વાતિ અનિષ શાહ, રોટરી ક્લબ ઓફ ઉધના, રો.રવિન્દ્ર ચુનીલાલ ચોકસી સુરત, રોટરી ક્લબ ઓફ શારલોટ હોલ, મેરિલેન્ડ યુ.એસ.એ તથા રોટરી ક્લબ ઓફ માયેનગા ટેન્ક હિલ, યુગાન્ડાનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે.

સરીગામ GIDCની લેધર ક્લોથ કંપનીમાં ભીષણ આગ

મંગળવારે રાત્રે નાઇટ શિફ્ટ દરમિયાન કંપની બંધ હતી ત્યારે અચાનક આગ ફાટી નીકળી

સોલ્વન્ટના ડ્રમ ફાટતા ગભરાટ, રો-મટીરિયલ અને તૈયાર માલ બળીને ખાખ



ઉમેશ સોલંકી

ઉમરગામ : સરીગામ સ્થિત સુજાસ લેધર ક્લોથ કંપનીમાં ભીષણ આગથી ભારે નુકસાન થયું હતું. ઉમરગામ તાલુકાના સરીગામ જીઆઇડીસી એન્જિનિયરિંગ ઝોનમાં આવેલી સુજાસ લેધર ક્લોથ કંપનીમા મંગળવારે રાત્રિ પાળીમા કંપની બંધ હતી ત્યારે 10:15 વાગ્યાના આસપાસ અચાનક કોઈક કારણસર આગ લાગવાની ઘટના બની હતી. કંપનીમાં પ્રિન્ટિંગ ઇંક પ્લાસ્ટિક લેધર ક્લોથ વગેરેને લઈ આગે ભીષણ રૂપ ધારણ કરતા આગ કંપનીમાં ફેલાઈ ગઈ હતી અને રો મટીરીયલ તૈયાર માલ બળીને ખાખ થઈ ગયો હતો તથા મશીનરીને ભારે નુકસાન થયું હતું. સોલ્વન્ટનો વપરાશ થતો હોય આગમાં ડ્રમો ફાટતા આજુબાજુમાં ગભરાટ મચી જવા પામ્યો હતો.

જેની જાણ થતા જ જીપીસીપીના અધિકારીઓ તથા પોલીસ ટીમ અને સરીગામ વાપી ઉમરગામ ફાયર ફાઇટરની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. અને કલાકોની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ તથા આગમાં કેટલું નુકસાન થયું તે અંગે સત્તાવાર કોઈ જાણકારી મળી નથી. કંપની સંચાલકોએ બનાવની સરીગામ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

વેજલપુરના ખુલ્લા પ્લોટમાંથી મસ્તક મળતાં અફરાતફરી

બાળકનું માથું હોવાની અફવા ફેલાતા ગ્રામજનોમાં સળવળાટ અને કુતૂહલ સર્જાયું હતું

FSL ની તપાસમાં મસ્તક માનવ નહીં પરંતુ પશુનું હોવાનું સ્પષ્ટ



વલસાડ : વલસાડ તાલુકાના વેજલપુર ગામમાં આવેલા વિનાયક પેલેસ સામેના એક ખુલ્લા પ્લોટમાંથી શંકાસ્પદ માથું મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે સળવળાટ અને કુતૂહલ સર્જાયું હતું.

મળતી માહિતી મુજબ, વેજલપુરના વિનાયક પેલેસ સામે આવેલા ખુલ્લા પ્લોટમાં બાળકનું માથું પડ્યું હોવાની અફવા અને ચર્ચા વહેતી થતાં જ સ્થાનિક લોકોના ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ગામના સરપંચ તથા વલસાડ પોલીસની ટીમ તાબડતોબ સ્થળ પર દોડી આવી હતી.

લોકોમાં ફેલાયેલા ભય અને શંકા દૂર કરવા માટે પોલીસે તાત્કાલિક એફ.એસ.એલ. (FSL) ની ટીમને પણ ઘટના સ્થળે બોલાવી હતી. FSL ટીમ દ્વારા બારીકાઈથી તપાસ હાથ ધરવામાં આવતાં સામે આવ્યું હતું કે, મળી આવેલું મસ્તક કોઈ નાના બાળકનું નહીં પરંતુ પશુનું હતું.

પશુનું માથું હોવાનું સ્પષ્ટ થતાં જ ગ્રામજનો તેમજ સ્થળ પર હાજર પોલીસ અને સરપંચે રાહતનો શ્વાસ (હાશકારો) અનુભવ્યો હતો. FSL અને પોલીસની પ્રાથમિક તપાસ બાદ મામલો થાળે પડ્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

વલસાડમાં ગુજરાતની સર્વપ્રથમ હાઇરોક્સ શૈલીની ફિટનેસ સ્પર્ધા યોજાઇ



વલસાડ : છેલ્લા એક દાયકાથી સ્વાસ્થ્ય જાગૃતિ માટે કાર્યરત 'વલસાડ રેસર્સ ગ્રુપ' દ્વારા વલસાડ ખાતે અનોખી અને પડકારજનક ફિટનેસ સ્પર્ધા 'VYROX 2026'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. અગાઉ મેરેથોન અને સાયકલોથોન જેવા કાર્યક્રમો યોજનાર આ સંસ્થા દ્વારા હાઇરોક્સ ફોર્મેટ પર આધારિત આ સ્પર્ધા સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત યોજાઈ છે, જેમાં ૧૭૦ જેટલા સ્પર્ધકોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. વાયરોક્સ એ દોડ અને શારીરિક કસરતના વિવિધ પડકારોનું અદભુત સંયોજન છે. જેમાં સ્પર્ધકોએ નિયત દોડની સાથે વજન ઊંચકીને ચાલવું, ભારે ટાયર ખેંચવું, કૂદકા સાથે દંડ-બેઠક, રેતીની ગુણી સાથે આગળ વધવું, બોલ ફેંકવો અને ઊંચા બોક્સ પર કૂદવું જેવા પડકારો પાર કરવાના હતા. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ શારીરિક તાકાત, સહનશક્તિ અને માનસિક મનોબળની કસોટી કરવાનો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષક (એસ.પી.) ઉપસ્થિત રહી સ્પર્ધકોનું મનોબળ વધાર્યું હતું અને નાગરિકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા આહ્વાન કર્યું હતું. આયોજક ટીમ દ્વારા સમગ્ર સંચાલન સુચારુ રીતે પાર પાડવામાં આવ્યું હતું. આ સ્પર્ધા વલસાડમાં ફિટનેસ અને સાહસની એક નવી શરૂઆત બની રહી છે.

વલસાડના કલવાડામાં બાઇક ડિવાઇડર સાથે અથડાતાં યુવકનું મોત

વલસાડ : વલસાડ તાલુકાના કલવાડા ગામ નજીક મંગળવારે સાંજે ઠક્કરવાડાથી કલવાડા તરફ આવતા રોડ પર પુલિયાના ડિવાઇડર સાથે બાઇક અથડાતાં ઓવાડા ગામના ૨૪ વર્ષીય બાઇકચાલક યુવકનું ગંભીર ઇજાઓ થવાને કારણે મોત નીપજ્યું હતું. બારોલીયા ફળિયામાં રહેતા અને ડુંગરી ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરતા જયદીપભાઈ દશરથભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનો ૨૪ વર્ષીય નાનો ભાઈ જગદીશ દશરથભાઈ પટેલ અબ્રામા ખાતે કંપનીમાં કામ કરતો હતો. મંગળવારે નોકરી પરથી પરત ફર્યા બાદ તે પોતાની હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઇકલ (નંબર GJ-15-EK-4060) લઈને ઠક્કરવાડાથી પરત ફરી રહ્યો હતો ત્યારે કલવાડા ગામ તરફ આવતા માર્ગ પર પુલિયા ઉપર બાઇક બેદરકારીપૂર્વક હંકારતાં કાબૂ ગુમાવી ડિવાઇડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં જગદીશભાઈને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને તાત્કાલિક વલસાડની ડોક્ટર હાઉસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે મૃતકના મોટા ભાઈ જયદીપભાઈની ફરિયાદના આધારે વલસાડ રૂરલ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

દિવાળી પહેલાં વેતન ચૂકવો, નહીં તો ધરણાં : ધારાસભ્ય

વાંસદામાં જી રામજીના શ્રમિકોને દિવાળી ટાણે વેતન ન મળતા કોંગ્રેસની ન્યાયયાત્રા

વાંસદા : દિવાળી નજીક હોવા છતાં વાંસદામાં જી રામજી (મનરેગા) યોજનાના શ્રમિકોને વેતન નહીં મળતાં વાંસદા તાલુકા કોંગ્રેસ સમિતિએ ન્યાયયાત્રા યોજી અધિકારીને આવેદનપત્ર આપી દિવાળી પહેલાં વેતન ચૂકવવાની માંગ કરાઈ હતી.

ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં હનુમાનજી મંદિરથી તાલુકા પંચાયત સુધી યોજાયેલી ન્યાયયાત્રા દરમિયાન તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી દિવાળી પહેલાં વેતન ચૂકવવાની માગ કરાઈ હતી. કોંગ્રેસે આવેદનપત્રમાં જી રામજી યોજનાના શ્રમિકોના બાકી વેતનની સાથે સંબંધિત કર્મચારીઓના પગારની પણ માગ કરી હતી. તહેવાર પહેલાં વેતન નહીં મળતાં શ્રમિક પરિવારોની મુશ્કેલીઓનો મુદ્દો ઉઠાવી સરકાર અને તંત્ર સામે નારાજગી વ્યક્ત કરાઈ હતી. ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે, "જી રામજી યોજનાના શ્રમિકોનું વેતન રામભરોસે થઈ ગયું છે. શ્રીરામ પણ નારાજ હશે. દિવાળી જેવા મોટા તહેવાર પહેલાં શ્રમિકોને વેતન નહીં ચૂકવાય તો તેમના ઘરમાં દિવાળીના દીવા પણ સળગશે નહીં." શ્રમિકોને વેતન નહીં મળે તો તાલુકા પંચાયત કચેરીની બહાર ધરણાં-પ્રદર્શન કરવામાં આવશે. વાંસદા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શૈલેષ પટેલે જણાવ્યું હતું કે, શ્રમિકો સાથે થઈ રહેલો અન્યાય સહન કરવામાં આવશે નહીં. આગામી સમયમાં પણ શ્રમિકોના હક માટે કોંગ્રેસ આંદોલન કરતાં અચકાશે નહીં. ન્યાયયાત્રામાં વાંસદા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેશ ચૌધરી, જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા નિકુંજ ગાવિત, મનીષ પટેલ, અંજનાબેન, વૈશાલી બેન, નિતેશભાઈ, મહિન્દ્રભાઈ, અનિલ પટેલ, ધવલ ઢીમર, રાજીત પાનવાલા, ગૌરાંગ પટેલ, સાવનભાઈ, પણવભાઈ, સતીશ, ચંપાબેન સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

પારડી પારનદીના બ્રિજ પરથી સુરતના યુવકે નદીમાં ઝંપલાવ્યું

પારડી : પારડી પારનદીના મોટાબ્રિજ પરથી યુવકે અચાનક નદીમાં ઝંપલાવ્યું હતું. જેને પગલે પારડીના ચંદ્રપુર માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટની ટીમે ઘટના સ્થળે પહોંચી યુવકને નદીમાંથી સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને વધુ સારવાર અર્થે વલસાડની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, નદીમાં ઝંપલાવનાર યુવકનું નામ અંકિત ધીરૂભાઈ પટેલ છે, જે મૂળ સુરતના ભેસ્તાન વિસ્તારનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ યુવકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. યુવકે કયા કારણોસર આ પગલું ભર્યું તે અકબંધ રહ્યું હતું.

નારગોલમાં અતિથિગૃહનું અત્યાધુનિક નિર્માણ થશે

દરિયાકિનારો અને પ્રિ-વેડિંગ શૂટિંગ માટે જાણીતા નારગોલમાં પંચાયતની પહેલ

રૂપિયા 30 લાખના ખર્ચે 10 ઓરડાવાળા અતિથિગૃહ બનવાથી પ્રવાસીઓ અને સ્થાનિકોને રહેવા માટે ઉત્તમ સુવિધા મળશે

ઉમરગામ : નારગોલ ગામમાં અતિથિગૃહ ભવનનું નિર્માણ દાતાઓના સહયોગથી શરૂ કરવામાં આવ્યું છે ગામને વધુ સુવિધાજનક બનાવવાની પંચાયતે આ પહેલ કરી છે.

ઉમરગામ તાલુકાનું નારગોલ ગામ પ્રવાસન સ્થળ તરીકે વિકસી રહ્યું છે. સુંદર રળિયામણો દરિયા કિનારો પ્રવાસીઓને આકર્ષી રહ્યો છે. પ્રિ વેડિંગ શૂટિંગ માટે પણ નારગોલ ખૂબ જ જાણીતું છે. ગ્રામ પંચાયત અને સરપંચ સ્વીટીબેન યતીનભાઈ ભંડારીની સુઝબુઝથી વિકાસ કાર્યોને વેગ મળી રહ્યો છે. નારગોલ ગ્રામ પંચાયતે પોતાનું અતિથિગૃહ 30 લાખના ખર્ચે 10 ઓરડાવાળું અત્યાધુનિક ભવનનું નિર્માણ કાર્ય દાતાઓના સહયોગથી શરૂ કર્યું છે અને હાલમાં બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

વાપીમાં મોપેડ સાથે દોરડાથી બાંધી કૂતરાને રસ્તા પર ઘસડ્યો

વાપીમા અમાનવીયતાની હદ વટાવી ક્રૂરતાપૂર્વક ઘસડનાર અજાણ્યા ચાલક સામે ગુનો દાખલ

વાપી : વાપી ચલાના 'ધ પાર્ક'માં રહેતા અને એનિમલ વેલ્ફર બોર્ડ ઓફ ઇન્ડિયામાં કોલોની એનિમલ કેરટેકર તરીકે સેવા આપતા મીનાક્ષી દેસાઈએ ઇલેક્ટ્રિક મોપેડ ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ગઈ તા. 23-10-2026ના રોજ રાત્રે બલીઠા દાંડીવાડ રોડ પર એક મોપેડ ચાલકે પાછળ લેબ્રાડોરને દોરડાથી બાંધીને રોડ પર ઘસડ્યો હતો. જેના કારણે શ્વાનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ બલીઠામાં રહેતા એકતાબેને ઈજાગ્રસ્ત શ્વાનને ઘરે આશરો આપ્યો હતો. બાદમાં મીનાક્ષીબેનનો સંપર્ક કરી શ્વાનને મધરપેટ હોસ્પિટલમાં સારવાર અપાવી વધુ સારવારાર્થે સુરતના 'આશ્રય એનિમલ ચેરિટેબલ ટ્રસ્ટ' ખાતે મોકલી બનાવની વાપી ટાઉન પોલીસે પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધક અધિનિયમ હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.